વર્ષ દહાડે કરોડોનો ટોલટેક્સ ઉઘરાવતા મંત્રાલય પાસે શું આ લાઈટો રિપેર કરવાનું બજેટ નથી?

સૂર્યાસ્ત થતા જ અંધારી નગરીમાં ફેરવાઈ જતો હાઈવે

દેશની પ્રગતિની ધમનીઓમાં જ અંધકાર

ચીખલી હાઇવેના ઓવરબ્રિજ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી બ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો શોભાના ગાંઠિયા સમાન બની

મરામતના અભાવે મોટેભાગેની લાઈટો બંધ રહેતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવાની નોબત

ધેજ : ચીખલી નેશનલ હાઇવે ઓવરબ્રિજ ઉપર મરામતના અભાવે મોટેભાગેની લાઈટો બંધ રહેતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવાની નોબત આવી છે.

ધર્મેશ પટેલ

કહેવાય છે કે રસ્તાઓ દેશની પ્રગતિની ધમનીઓ હોય છે. પણ જો આ ધમનીઓમાં જ અંધકાર છવાઈ જાય તો શું? દક્ષિણ ગુજરાતને મહારાષ્ટ્રના મુંબઈ અને ગુજરાતના ચેરાપુંજી તરીકે ઓળખાતા ડાંગના જિલ્લા સ્થિત ગિરિમથક સાપુતારા સાથે જોડતા અતિ મહત્વના નેશનલ હાઈવે નંબર-૪૮ ના ચીખલી ખાતે આવેલા ઓવરબ્રિજ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી બ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો શોભાના ગાંઠિયા સમાન બની જતા વાહન ચાલકોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ચીખલી નેશનલ હાઈવે ઓવરબ્રિજ પરથી રોજના હજ્જારો વાહનો પસાર થાય છે. પરંતુ સૂર્યાસ્ત થતાની સાથે જ આ હાઈવે અંધારી નગરીમાં ફેરવાઈ જવા પામે છે. હાઈવે ઓવરબ્રિજ પરથી પસાર થતા વાહનોની સ્પીડ વધુ રહેતી હોય છે. આવા સમયે જો ઓવરબ્રિજ પરની મોટેભાગેની લાઈટો બંધ રહેતા અકસ્માતને સીધું નિમંત્રણ છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં કે શિયાળાના ધુમ્મસમાં આ પરિસ્થિતિ વધુ ગંભીર બને છે. જો કોઈ વાહન બ્રિજ પર બ્રેકડાઉન થાય કે બંધ પડે તો વાહન ચાલકોને માથે મોટું સંકટ સેવાતુ હોય છે ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા વહેલી તકે બંધ લાઈટોની મરામત કરી ફરી ધમધમતી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

હાઇવે ઓથોરિટીની આ લાપરવાહી નહીં પણ માનવ જીવન સાથેના ચેડાં સમાન

વર્ષ દહાડે કરોડોનો ટોલટેક્સ ઉઘરાવતા મંત્રાલય પાસે શું આ લાઈટો રિપેર કરવા માટેનું બજેટ નથી ? કે પછી ભ્રષ્ટાચારના ગાબડામાં આ મેન્ટેનન્સના પૈસા હોમાઈ રહ્યા છે ? હાઇવે ઓથોરિટીની આ બેફિકરાઇ માત્ર લાપરવાહી નથી પણ માનવ જીવન સાથેના ચેડાં સમાન છે. રોડ સેફ્ટીના નિયમો મુજબ હાઇવે પર યોગ્ય લાઇટિંગ હોવી અનિવાર્ય છે. પરંતુ અધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસોમાં બેસીને માત્ર ફાઈલો પર સહીઓ કરી સબ ખેરીયત હૈ ના બણગાં ફૂંકતા હોય છે. જ્યારે સ્થળ પરની પરિસ્થિતિ કઈક અલગ જ જોવા મળી રહી છે.

નવસારી ભાજપમાં સુનામી, રાજીનામાનો આંક 67 થયો

જલાલપોરના 6 અને વિજલપોરના 17 હોદ્દેદારોએ એક જ દિવસે હોદ્દા છોડતાં અસંતોષ વિસ્ફોટક

'મહેનત કરનાર અવગણાયા, કાર્યકરોમાં માન-સન્માનનો મુદ્દો ગરમાયો

નવસારી : નવસારી જિલ્લામાં ભાજપ સંગઠનની નવી રચનાએ આંતરિક અસંતોષને હવે ગંભીર સંકટમાં ફેરવી દીધો છે. જિલ્લા સ્તરે પ્રતિનિધિત્વ ન મળ્યાની લાગણી વચ્ચે અગાઉ 22 હોદ્દેદારોએ રાજીનામા આપ્યા હતા. મંગળવારે આ નારાજગી વધુ તીવ્ર બની, જ્યારે જલાલપોર તાલુકાના 6 અને વિજલપોર શહેરના 17 હોદ્દેદારોએ એકસાથે હોદ્દા છોડી દીધા હતા. એક જ દિવસે 23 રાજીનામા પડતાં હવે કુલ રાજીનામાની સંખ્યા 67 સુધી પહોંચી ગઈ છે.

જલાલપોર અને વિજલપોર બંને વિસ્તાર ભાજપના મજબૂત સંગઠનક્ષેત્ર તરીકે ઓળખાય છે. વર્ષોથી ચૂંટણીમાં બૂથ સ્તરથી લઈને મેદાની કામગીરી સુધી સક્રિય રહેલા કાર્યકરોમાં હવે ખુલ્લો અસંતોષ જોવા મળી રહ્યો છે. કાર્યકરોનું કહેવું છે કે સંગઠન માટે સતત મહેનત અને સમર્પણ છતાં નવી રચનામાં તેમના વિસ્તારને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી. જેના કારણે અવગણનાની લાગણી હવે ખુલ્લા વિરોધમાં બદલાઈ રહી છે.

સ્થાનિક રાજકીય વર્તુળોમાં આ પરિસ્થિતિને સામાન્ય નારાજગી નહીં પરંતુ સંગઠનની અંદર ઊભી થયેલી અસંતોષની લહેર તરીકે જોવામાં આવી રહી છે.

ઊભી થયેલી આ સ્થિતિ ભાજપ માટે ચિંતાજનક

આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં ઊભી થયેલી આ સ્થિતિ ભાજપ માટે ચિંતાજનક માનવામાં આવી રહી છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે જો સમયસર નારાજગી દૂર કરવા સંવાદ અને સમન્વયનો માર્ગ અપનાવવામાં નહીં આવે, તો તેની સીધી અસર સંગઠનની મેદાની સક્રિયતા અને ચૂંટણી વ્યવસ્થાપન પર પડી શકે છે. નવસારી ભાજપની હાલની સ્થિતિ એક સ્પષ્ટ સંદેશ આપી રહી છે. સંગઠન મજબૂત હોદ્દાઓથી નહીં, પરંતુ કાર્યકરોના વિશ્વાસ અને જોડાણથી ઉભું રહે છે. વધતા રાજીનામાઓ વચ્ચે હવે સૌથી મોટો સવાલ એ છે કે આ અસંતોષ સમયસર શાંત થશે કે આગળ વધુ વિસ્તરશે.

વિજલપોરના હોદ્દેદારોના નામ

ભાવેશ પાટીલ, હિમાંશુ રાજપુત, અપૂર્વ મિસ્ત્રી, સીમાબેન પટેલ, કિર્તીભાઈ પટેલ, વિજયભાઈ અટરડે, સુરેશ સિંહ રાજપુત, બબલુકાકા, અરુણાબેન ભોર, રોશનીબેન પટેલ, શૈલેષ ટંડેલ, વિજય ગીરાસે, લહુભાઈ કદમ, ઓમકાર તિવારી, શોભાબેન જાધવ અને મેહુલ પાઠક

જલાલપોર તાલુકાના હોદ્દેદારોના નામ

હિરેન પટેલ, નિલેશ પટેલ, ચેતના પટેલ, ક્રિષ્ના ટંડેલ, ધર્મેશ પટેલ અને પ્રકૃતિબેન પટેલ

વાઘલધરામાં માટીનું ગેરકાયદે ખનન

ખનિજ ચોરીની વ્યાપક ફરિયાદને પગલે ભૂસ્તર અને ખનિજ વિભાગની લાલ આંખ

ગેરકાયદે પ્રવૃત્તિમાં 1 જેસીબી મશીન, 3 ટ્રેક્ટર જપ્ત કર્યા

વલસાડ : વલસાડ તાલુકાના વાઘલધરા ગામે ખનિજ ચોરીની વ્યાપક ફરિયાદને પગલે ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી ખાણ-ખનિજ વિભાગની ટીમે ઓચિંતી તપાસ હાથ ધરી ગેરકાયદે ખનન અને વહન કરતા વાહનો ઝડપી પાડ્યા છે.

તાજેતરમાં મળેલી ફરિયાદના આધારે 16 ફેબ્રુઆરી 2026ના રોજ કચેરીના માઈન્સ સુપરવાઈઝર અને સર્વેયરની સંયુક્ત તપાસ ટીમે વલસાડ તાલુકાના વાઘલધરા ગામે નિર્ધારિત લોકેશન પર દરોડા પાડ્યા હતાં. આ તપાસ દરમિયાન સ્થળ પર સાદી માટી ખનિજનું કોઈપણ મંજૂરી વિના બિન-અધિકૃત રીતે ખનન અને વહન થતું હોવાનું માલુમ પડ્યું હતું. તપાસ ટીમ દ્વારા સ્થળ પરથી ગેરકાયદે પ્રવૃત્તિમાં 1 જેસીબી મશીન, 3 ટ્રેક્ટર જપ્ત કર્યા હતા જે તમામ સાધનોની અંદાજિત કિંમત રૂપિયા 30 લાખ જેટલી આંકવામાં આવી છે. વિભાગ દ્વારા સ્થળ પર માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કેસમાં જવાબદારો સામે 'ગુજરાત ખનિજ (ખાણકામ, વહન અને સંગ્રહ) નિવારણ નિયમ-2017' હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દંડ વસૂલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં ભૂસ્તર વિભાગની આ કડક કાર્યવાહીથી ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વિજલપોરમાં મોબાઈલ હેકિંગથી ઓનલાઈન ઠગાઈ

ફેસબુક પર મોકલેલી એપ ડાઉનલોડ કરતા ફોન હેક થયો અને ૩.38 હજાર ઉડાવ્યા, ત્રણ સામે ગુનો નોંધાયો

નવસારી : વિજલપોર વિસ્તારમાં મોબાઈલ હેકિંગ દ્વારા ઓનલાઈન ઠગાઈનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, તા. 14/12/2025ના રોજ સાંજે પ્લોટ નં. 25, સાંઈ બંગ્લોઝ, વિજલપોર ખાતે રહેતા વિનોદકુમાર જગન્નાથ પ્રસાદ બંકોલીયાના મોબાઈલ ફોનને હેક કરી તેમના પે-ટીએમ ખાતામાંથી 38,000ની રકમ ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. આ અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ અનુસાર, અજાણ્યા શખ્સે ફેસબુક મારફતે "ફોન અપડેટ" કરવા માટેની એપ મોકલી હતી.

એપ ડાઉનલોડ કરતા જ મોબાઈલ હેક થઈ ગયો હતો અને ઠગોએ ફરિયાદીના પે-ટીએમ ખાતામાંથી રકમ ટ્રાન્સફર કરી "મોહ્હામદ અયાઝ" નામના વ્યક્તિના ખાતામાં જમા કરાવી હતી. આ બનાવ અંગે વિજલપોર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ, મોહ્હામદ અયાઝ અને તપાસ દરમિયાન સામે આવનાર અન્ય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. બનાવની તપાસ વિજલપોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.આઈ. રાઠોડ દ્વારા હાથ ધરવામાં આવી છે. પોલીસે લોકોને સોશિયલ મીડિયા પર મળતી અજાણી લિંક્સ અથવા એપ ડાઉનલોડ ન કરવા અને સાયબર ઠગાઈથી સાવચેત રહેવા અપીલ કરી છે.

નવસારીમાં વોર્ડ નં. 1- 2માં ઊભી થયેલી પાણીની સમસ્યા

કોંગ્રેસ આગેવાનના નેતૃત્વમાં મહિલાઓ સાથે કમિશનરને લેખિત અરજી

સ્થાયી ઉકેલ માટે રહીશોની માંગ, તંત્રની કાર્યવાહી પર નજર

નવસારી : નવસારી શહેરના વોર્ડ નં. 1 અને વોર્ડ નં. 2માં છેલ્લા કેટલાક સમયથી ઉભી થયેલી પાણીની સમસ્યાને લઈને જિલ્લા કોંગ્રેસના જાતિ વિભાગના પ્રમુખ વિપુલકુમાર મકવાણાના નેતૃત્વ હેઠળ સ્થાનિક મહિલાઓ સાથે મહાનગરપાલિકા કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે પાણી પુરવઠામાં અનિયમિતતા હોવાને કારણે રહીશોને દૈનિક જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રજુઆત બાદ મહાનગરપાલિકા તંત્રએ તાત્કાલિક રાહતરૂપે બંને વોર્ડમાં ટેન્કર મારફતે પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવાની ખાતરી આપી છે. ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને પાણી માટે વધારાની તકલીફ ન પડે તે માટે નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવાની માંગ કરવામાં આવી હતી. સ્થાનિક રહીશો દ્વારા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તંત્રને વિનંતી કરવામાં આવી છે. આગેવાનોનું કહેવું છે કે જો સમયસર યોગ્ય પગલાં લેવામાં આવશે તો લોકોને રાહત મળશે. હાલમાં રહીશો તંત્રની કામગીરી અને આગામી આયોજન પર નજર રાખી રહ્યા છે અને સમસ્યાના ઝડપી નિરાકરણની આશા વ્યક્ત કરી રહ્યા છે.

તોરણવેરામાં માટીખનન ઝડપાયું

માટી ખનનમાં પોકલેન્ડ મશીન, માટી ભરેલી હાઈવા ટ્રક કબજે કરાઈ

ખેરગામ : ખેરગામ તાલુકાના તોરણવેરા ગામના બરડ ફળિયામાં આવેલા ઈશ્વરભાઈની જમીનમાં વહીવટી મંજૂરી માટીખનન ચાલી રહ્યું હોવાની બાતમી મહેસૂલ વિભાગને મળી હતી. આ માટીખનન કરી હાઈવા ટ્રકો દ્વારા અન્ય સ્થળે વહન કરવામાં આવી રહ્યું હતું. બાતમીને ગંભીરતાને ધ્યાને લઈ નાયબ મામલતદાર ભાવેશભાઈ અને તેમની ટીમે દરોડો પાડ્યો હતો. ટીમ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે ત્યાં ગેરકાયદે ખોદકામ ચાલુ હતું. સરકારી ટીમની અચાનક એન્ટ્રી થતાં જ સાઈટ પર દોડધામ મચી ગઈ હતી. મામલતદારની ટીમે માટીખનન કાર્યમાં વપરાતું પોકલેન્ડ મશીન, માટી ભરેલી હાઈવા ટ્રક કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ખનન માટે કોઈ રોયલ્ટી પાસ કે સક્ષમ અધિકારીની મંજૂરી લેવામાં આવી ન હતી. આ રેડને પગલે તાલુકાના અન્ય ખનીજ ચોરોમાં પણ ફફડાટ ફેલાયો છે. સ્થળ પર તપાસ કરતા પરવાનગી વગર ખોદકામ થતું જણાતા વાહનો સીઝ કર્યા હતા. હવે તેમના દ્વારા સ્થળ ઉપર જઈને જરૂરી સર્વે અને માપણી કર્યા બાદ માલુમ પડશે કે તેમના દ્વારા બે દિવસમાં કેટલું ગેરકાયદે માટીખનન કરવામાં આવ્યું છે. તેના ઉપરથી તેમને કેટલો દંડ કરવામાં આવશે તે નક્કી થશે.

કેટલું માટીખનન થયું માપણી બાદ ખબર પડશે

ખેરગામના નાયબ મામલતદાર ભાવેશભાઈએ જણાવ્યું હતું કે, તોરણવેરા ગામે છાપો મારતા માટીખનન કરતા પોકલેન્ડ મશીન અને એક હાઈવા ટ્રક જપ્ત કરી છે. જે રાકેશભાઈ નવસારીવાળાના હોવાનું જાણવા મળેલું છે. આ સાધનો તાલુકા પંચાયત સભ્યને ત્યાં હાલ મૂકવામાં આવ્યું છે. આ અંગે ભૂસ્તર વિભાગને જાણ કરવામાં આવતા તેમણે વધુ તપાસ હાથ ધરી છે. સ્થળ ઉપર માપણી કર્યા બાદ ખબર પડશે કે કેટલું માટીખનન કરવામાં આવ્યું છે.

નવસારી દરિયાકાંઠે મરીન ટીમોની સઘન ચકાસણી

નવસારી : નવસારી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા રાજ્ય પોલીસ અને મરીન ટીમો દ્વારા વિશેષ ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોમાં સંયુક્ત ઓપરેશન યોજી સુરક્ષા વ્યવસ્થાની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન દાંડી, ઓજલ બીચથી લઈને ભાટથી કણાય ખાડી સુધીના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સુરક્ષા દળો એલર્ટ મોડ પર રહી દરિયાકાંઠા નજીકના એકાંત વિસ્તારો, અવાવરુ સ્થળો તેમજ શંકાસ્પદ હલચલ પર સતત નજર રાખી રહ્યા હતા. સાથે સાથે દરિયામાં અવરજવર કરતી બોટોના દસ્તાવેજોની તપાસ અને તેમાં સવાર વ્યક્તિઓની ઓળખની ચકાસણી પણ કરવામાં આવી હતી. આ કામગીરી ATS અને કોસ્ટલ સુરક્ષા વિભાગના વરિષ્ઠ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નવસારી પોલીસ તથા મરીન કમાન્ડોની સંયુક્ત ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પુલ મંજૂર જગ્યાથી એક કિ.મી. દૂર બનાવવાની હિલચાલથી રોષ

ધરમપુર કેળવણી લાવરી નદી પર 70 વર્ષ જૂનો જર્જરિત પુલ પડું પડું, તે સ્થળે જ નવો પુલ બનાવવા રજૂઆત હતી

મધ્યને બદલે સીમાડે પુલ બનાવવાની તૈયારી શરૂ થતાં ગ્રામજનોએ પાંચ કિ.મી.નો ચક્રાવો મારવો પડે તેવી હાલત, કલેક્ટરને રજૂઆત

ધરમપુરઃ ધરમપુર તાલુકાનાં કેળવણી લાવરી નદી પરનો વર્ષો જૂનો જર્જરિત પુલ મંજુર થયો હતો. પરંતુ આ પુલ મૂળ જગ્યાએ બનાવવાને બદલે તંત્ર દ્વારા એક કિ.મી.ના અંતરે ગામના સીમાડે બનાવવાની હિલચાલ સામે ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઊઠયો છે. ધરમપુર કેળવણી ગ્રામ પંચાયતના સરપંચ નરેશભાઈ જયેશભાઈ પવારે લાવરી નદી કિનારે જ્યાં પુલ મંજૂર થયો છે, ત્યાં જ બનાવવા અંગે જિલ્લા કલેકટરને ઉદ્દેશીને સાંસદ ધવલભાઈ પટેલ તથા ધારાસભ્ય અરવિંદ પટેલને રજૂઆત કરી છે.

ધરમપુર તાલુકાનાં કેળવણી ગામની લાવરી નદી પર આશરે 70 વર્ષ જૂનો પુલ છે. આ પુલ હાલમાં જર્જરિત અને ખખડધજ ભયજનક હાલતમાં હોવાથી આ જગ્યાએ નવો પુલ બનાવવા માટે ગામના સરપંચ નરેશભાઈ જયેશભાઈ પવારે અવારનવાર સાસંદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય અરવિંદ પટેલને રજુઆતો કરી હતી. ત્યારબાદ પુલ બનાવવા માટેનો ઠરાવ ગ્રામ પંચાયત દ્વારા 10-12-2021ન રોજ કરાયો હતો અને પુલના નિર્માણકાર્ય માટેની અંતિમ મંજુરી 17-7-2025ના રોજ મળી હતી.

જો કે વહીવટી તંત્ર દ્વારા આ પુલને તેની મૂળ જગ્યાએ ગામનાં મધ્ય ભાગમાં બનાવવાના બદલે એક કિ.મી. ના અંતરે ગામનાં સીમાડા પર બનાવવાની હિલચાલ શરૂ થતા ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઊઠયો છે. જો પુલ સીમાડા પર બનશે તો ગામની શાળાએ જતાં બાળકો, વૃદ્ધો અને નોકરી-ધંધા માટે રોજબરોજ જતાં નાગરિકોને 5 કિમી જેટલો વધારાનો ફેરો મારવો પડશે. તેમજ વર્ષો જૂનો પુલ ગામની મધ્યમાં હોવાથી તે આખા ગામને જોડતી મુખ્ય કડી છે. જો નવો પુલ ત્યાં ન બને તો જૂનો જર્જરિત પુલ ધરાશાયી થવાના કિસ્સામાં મોટી જાનહાનિ થવાનો ભય સેવાઈ રહ્યો છે. જેથી લાવરી નદી પર નવા પુલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવે એવી માગ સાથે ગામના સરપંચ સહિત ગ્રામજનોની મુખ્ય માગંણી છે.

ઉમરગામમાં ટ્રાફિકને અડચણરૂપ લારી ગલ્લા, પ્લાસ્ટિકના તંબુ હટાવાયા

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ નગર પાલિકા દ્વારા શહેરમાં રોડ માર્જિનના દબાણો ટ્રાફિકને અડચણરૂપ લારી ગલ્લા પ્લાસ્ટિકના તંબુ દૂર કરવામાં આવ્યા હતા. ઉમરગામ નગરપાલિકા દ્વારા મંગળવારે સાંજના ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરવાની કાર્યવાહીથી ફફડાટ મચી જવા પામ્યો હતો. ઉમરગામ શહેરના પાવર હાઉસથી ગાંધીવાડી સુધી રોડ માર્જિનમાં પતરા નાંખી દુકાનો તાણી બાંધી પ્લાસ્ટિકના તંબુ બાંધી તથા લારી ગલ્લા પાથરણા વાળાઓને રોડ માર્જિનના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને રોડ ખુલ્લો કરાતા રાહદારીઓ તથા વાહન ચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

ઉનાઈના રામજી મંદિરના નિર્માણમાં વિલંબ થતાં ભક્તોની ભૂખ હડતાલ

મુખ્યમંત્રીના ખાતમુહૂર્તના બે વર્ષ બાદ પણ કામ શરૂ ન થતાં રોષ, તંત્રની ખાતરી બાદ આંદોલન સમેટાયું

નિલેશ કાપડિયા

વાંસદાઃ ઐતિહાસિક તીર્થધામ ઉનાઈ ખાતે આવેલા સુપ્રસિદ્ધ 'મૂછવાળા રામજી મંદિર'ના નવનિર્માણ માટે ભક્તો દ્વારા લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી દ્વારા મંદિરના જીર્ણોદ્ધાર માટે આશરે ૨૨ મહિના પહેલા ખાતમુહૂર્ત કરાયુ હતું. છતાં નિર્માણ કાર્ય શરૂ ન થતા રામભક્તોમાં રોષ જોવા મળી રહ્યો છે. મંદિર જર્જરિત હોવાથી ઉનાઈ અને ખંભાલિયાના ભક્તોએ અનેકવાર લેખિત રજૂઆતો કરી હતી. તંત્ર દ્વારા 'ગ્રાન્ટ ઓછી છે' અને 'વધારાની ગ્રાન્ટ માટે પ્રવાસન વિભાગમાં દરખાસ્ત કરી છે' તેવા જવાબો આપીને આશ્વાસન આપવામાં આવતું હતું. અંતે ધીરજ ખૂટતા, ગત મંગળવારે સવારથી જ રામભક્તો મંદિરના પટાંગણમાં ધરણા અને ભૂખ હડતાલ પર ઉતરી ગયા હતા. આંદોલનની ગંભીરતા જોઈને સાંજે વાંસદા મામલતદાર દોડી આવ્યા હતા. તેમણે ભક્તો સાથે ચર્ચા કરી આગામી ત્રણ મહિનામાં મંદિરનું કામ શરૂ કરાવી દેવાની ખાતરી આપી હતી. તંત્રની લેખિત/મૌખિક બાહેધરી બાદ ભક્તોએ આંદોલન સમેટ્યું છે. જોકે, ભક્તોએ ચીમકી ઉચ્ચારી છે કે જો નિર્ધારિત સમયમાં કામ શરૂ નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.